ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સીસ્ટમ ઓફ મેડીસીન અને કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક સીસ્ટમ ઓફ મેડીસીન, ગુજરાત ના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણના લાભો મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અયદ-૧૦૨૦૧૪-૨૯૫૫-છ
સચિવાલય, ગાંધીનગર
તા. 28 MAY 2019

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, 'આયુષ' (આયુર્વેદ, યોગા અને નેચરોપેથી, યુનાની ,સિધ્ધા અને હોમિયોપેથી) ની કચેરી, ગાંધીનગર ના તા.૦૮/૧૦/૨૦૧૪ નો પત્ર ક્ર:ગરટ-૧/૮૩૪/૨૦૧૪/ડ.

(૨) નિયામકશ્રી, 'આયુષ' (આયુર્વેદ, યોગા અને નેચરોપેથી, યુનાની ,સિધ્ધા અને હોમિયોપેથી) ની કચેરી, ગાંધીનગર ના તા.૦૮/૧૦/૨૦૧૪ નો પત્ર ક્ર:ગરટ-૧/૮૩૫/૨૦૧૪/ડ.

(૩) ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સીસ્ટમ્સ ઓફ મેડીસીન, ગુજરાત રાજ્ય ના તા.૨૩/૧૨/૨૦૧૪ ના પત્ર ક્ર:જીબીએયુ/ઉ.પ.ઘો/૧૮૧૨.

(૪) કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક સીસ્ટમ ઓફ મેડીસીન, ગુજરાત રાજ્યના તા.૨૩/૧૨/૨૦૧૪ ના પત્ર ક્ર: જીએચસી/ઉ.પ.ઘો/૧૯૪૩/૨૦૧૪

(૫) આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના તા.૦૮/૦૫/૨૦૦૮ ના પત્ર ક્ર: એચ.એમ.સી./૧૦૨૦૦૮/એસએસએસ-૯૨/છ.

આમુખ:-

નિયામક, આયુષની કચેરી દ્વારા સંદર્ભ (૧) થી ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સીસ્ટમ ઓફ મેડીસીન, ગુજરાત રાજ્યના કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪, ૦૨/૦૭/૨૦૦૭ ના ઠરાવ મુજબના ઉચ્ચતર પગાર ધોરણના લાભો મંજુર કરવા દરખાસ્ત કરેલ છે. સંદર્ભ (૩) ના તા.૨૩/૧૨/૨૦૧૪ ના પત્રથી રજીસ્ટ્રારશ્રી , ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સીસ્ટમ્સ ઓફ મેડીસીન, ગુજરાત

રાજ્ય દ્વારા આ ઉચ્ચતર પગાર ઘોરણના લાભો મળવાપાત્ર કુલ-૬ કર્મચારીઓની વિગતો આ વિભાગને મોકલી આપેલ છે.

નિયામક, આયુષની કચેરીની દ્વારા સંદર્ભ (૨) ના પત્રથી કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક સીસ્ટમ ઓફ મેડીસીન, ગુજરાતના કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪, ૦૨/૦૭/૨૦૦૭ ના ઠરાવ મુજબના ઉચ્ચતર પગાર ઘોરણના લાભો મંજુર કરવા દરખાસ્ત કરેલ છે. આ દરખાસ્ત મુજબ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના સંદર્ભ (૫) ના તા.૦૮/૦૫/૨૦૦૮ ના પત્રથી કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક સીસ્ટમ ઓફ મેડીસીન,ગુજરાત રાજ્યના કર્મચારીઓને નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧, તા.૧૬/૦૮/૧૯૯૪ તથા ત્યારબાદના ઠરાવો મુજબ ઉચ્ચતર પગાર ઘોરણની યોજનાનો લાભ લાગુ પાડવા વિભાગ કક્ષાએ મંજુરી આપવામાં આવેલ. જેનો આંશિક અમલ થયેલ છે. તેમજ સંદર્ભ (૪) ના તા.૨૩/૧૨/૨૦૧૪ ના પત્રથી રજીસ્ટ્રારશ્રી , કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક સીસ્ટમ ઓફ મેડીસીન,ગુજરાત રાજ્ય દ્વારા આ ઉચ્ચતર પગાર ઘોરણના લાભો મળવાપાત્ર કુલ-૬ કર્મચારીઓની વિગતો આ વિભાગને મોકલી આપેલ છે.

જેના અનુસંધાને ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સીસ્ટમ્સ ઓફ મેડીસીન, ગુજરાત રાજ્યના ૬ કર્મચારીઓને નાણા વિભાગના તા.તા.૧૬/૦૮/૧૯૯૪ અને તા.૦૨/૦૭/૨૦૦૭ ના ઠરાવ મુજબ ઉચ્ચતર પગાર ઘોરણના લાભો મંજુર કરવાની અને કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક સીસ્ટમ ઓફ મેડીસીન,ગુજરાત રાજ્યના ૬ કર્મચારીઓને આ વિભાગના તા.૦૮/૦૫/૨૦૦૮ ના પત્રથી આપેલ મંજુરી મુજબના ઉચ્ચતર પગાર ઘોરણના લાભો ચાલુ રાખવાની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સીસ્ટમ્સ ઓફ મેડીસીન, ગુજરાત રાજ્યના ૬ કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ અને તા.૦૨/૦૭/૨૦૦૭ ના ઠરાવ મુજબ નિયમોનુસાર મળવાપાત્ર ઉચ્ચતર પગાર ઘોરણના લાભો **નીચેની શરતને** આધીન મુળ અસરથી મંજુર કરવામાં આવે છે. અને કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક સીસ્ટમ ઓફ મેડીસીન,ગુજરાત રાજ્યના ૬ કર્મચારીઓને આ વિભાગના તા.૦૮/૦૫/૨૦૦૮ ના પત્રથી આપેલ મંજુરી મુજબના ઉચ્ચતર પગાર ઘોરણના લાભો ચાલુ રાખવાની **નીચેની શરતને** આધીન મંજુરી આપવામાં આવે છે.

શરત:-

- આ અંગેનો ખર્ચ બન્ને સંસ્થાઓએ ભોગવવાનો રહેશે.

આ હુકમો વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૪/૦૯/૨૦૧૮ ની અને સરકારશ્રીની તા.૦૩/૦૫/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઇ.ડી.ચૌધરી)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- માન.નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી , 'આયુષ' (આયુર્વેદ, યોગા અને નેચરોપેથી, યુનાની ,સિદ્ધા અને હોમિયોપેથી) ની કચેરી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ (નિયામકશ્રી મારફત)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સીસ્ટમ ઓફ મેડીસીન, જુની નર્સીંગ કોલેજ બીલ્ડીંગ, કેન્સર હોસ્પિટલ પાસે, સીવીલ હોસ્પિટલ કંમ્પાઉન્ડ, અસારવા , અમદાવાદ-૧૬
- રજીસ્ટ્રારશ્રી, કાઉન્સીલ ઓફ હોમિયોપેથીક સીસ્ટમ ઓફ મેડીસીન, કેન્સર હોસ્પિટલ પાસે, સીવીલ હોસ્પિટલ કંમ્પાઉન્ડ, અસારવા , અમદાવાદ-૧૬
- સીસ્ટમ મેનેજરશ્રી-આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
- શાખા સીલેક્ટ ફાઇલ-૨૦૧૯